# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા : ૧૩/૭/૨૦૨૧

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બરમાં ગુજરાત ટુરીઝમના કોમર્શિયલ મેનેજરની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં સ્થાનિક ટ્રાવેલ એજન્ટોને ધંધા – વ્યવસાયમાં પડી રહેલી મુશ્કેલીઓ અંગે મહત્વની ચર્ચા વિચારણા કરાઇ

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી ખાતે તા. ૯ જુલાઇ ૨૦૨૧ના રોજ ગુજરાત ટુરીઝમના કોમર્શિયલ મેનેજર નીરવ મુન્શીની અધ્યક્ષતામાં મિટીંગ મળી હતી. જેમાં ટુર્સ એન્ડ ટ્રાવેલ સંબંધિત સુરત શહેરના વિવિધ એસોસીએશનના હોદ્દેદારો તથા અન્ય મેમ્બરોની હાજરીમાં સુરતના સ્થાનિક ટ્રાવેલ એજન્ટોને ધંધા – વ્યવસાયમાં પડી રહેલી મુશ્કેલીઓ અંગે મહત્વની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ખાસ કરીને ટ્રાવેલ એજન્ટો ઇન–બાઉન્ડમાં કેવી રીતે મજબૂતાઇથી ધંધો કરી શકે તે વાતને લઈને ચર્ચા કરવામાં આવી હતી.

આ ઉપરાંત ગુજરાત ટુરિઝમ હસ્તગતના એકોમોડેશન કે મોન્યુમેન્ટની એન્ટ્રી ફીમાં ટ્રાવેલ એજન્ટ માટે ખાસ પોલિસી બનાવવી, સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં એક સાથે ૬ થી વધુ ટિકિટ બુક થતી નથી તો ટ્રાવેલ એજન્ટને ગૃપ બુકિંગમાં મુશ્કેલી પડે છે તે માટે ગૃપ બુકીંગની અલગથી વ્યવસ્થા ઉભી કરવી, કેવડિયા કે અન્ય એક જ પ્રિમાઇસિસમાં અલગ – અલગ થીમ પાર્કની અલગ – અલગ ટિકિટની જગ્યાએ કોમ્બો ટિકીટની સુવિધા કરવી, ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ અને ગુજરાત ટુરિઝમના કોમર્શિયલ એકોમોડેશનમાં બુકીંગ અલગ અલગ વિભાગમાંથી થાય છે તેની જગ્યાએ ઓફલાઈન અને ઓનલાઇન બંને રીતે સિંગલ બુકીંગ પ્લેટફોર્મ બનાવવું, રાજ્ય બહારથી ગુજરાતના પ્રવાસન સ્થળોની શુભેચ્છા મુલાકાત લેવા આવતા ટ્રાવેલ એજન્ટોને સુરતને પ્રાધાન્ય આપી સુરત તથા તેની આજુબાજુના જોવાલાયક સ્થળોની મુલાકાત કરાવવી વિગેરે બાબતે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

સુરતના પ્રવાસનને વેગ મળે, સુરતના ઐતિહાસિક સ્થળોની જાળવણી અને ઈમારતોનું નવીનીકરણ કરી ટુરીસ્ટમાં આકર્ષણ પેદા થાય તેવા બનાવવા, સુરતને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા એવીએશન મિનિસ્ટર સાથે વાત કરી બીજા ઘણા શહેરો સાથે ડાયરેકટ કનેકટીવિટીની ફલાઇટ શરૂ થાય તે માટે પ્રયાસો કરવા અને ગુજરાત ટુરિઝમમાં ટ્રાવેલ એજન્ટના રજીસ્ટ્રેશન માટેની પ્રક્રિયા સરળ બનાવવી જેવા વિવિધ મુદ્દાઓ પર પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

આ મિટિંગમાં ગુજરાત ટુરીઝમના કોમર્શિયલ મેનેજર નિરવ મુન્શી ઉપરાંત ગુજરાત ટુરિઝમ સુરત બ્રાન્ચના ઇન્ચાર્જ ટુરીસ્ટ ઓફિસર તુલસી હાંસોટી, ચેમ્બરની ટુર્સ એન્ડ ટ્રાવેલ કમિટીના કો–ચેરમેન વિનસ શાહ, ટાઈના સાઉથ ગુજરાત ચેપ્ટરના મુખ્ય હોદ્દેદાર માલ્કમ પંડોળ, કાંતિ સોહાગિયા, સાઉથ ગુજરાત ટ્રાવેલ કન્સલ્ટન્ટ એસોસિએશનના પ્રમુખ રાજીવ શાહ તથા અન્ય અગ્રણી ટ્રાવેલ એજન્ટ ઉપસ્થિત રહયા હતા.